



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૮૩ | ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૮, બુધવાર; ભાદરવા સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રૂપિયો ગગડતા શેરબજાર કડડભૂસ

**સેન્સેક્સમાં ૫૦૯ અંકનો ઘટાડો : બે દિવસમાં સેન્સેક્સમાં ૯૭૭ અંકનું ગાબડુ, ઈન્વેસ્ટરોએ ૨.૧૧ લાખ કરોડ ગુમાવ્યા : સેંસેક્સ અભૂતપૂર્વ ગગડીને ૩૭૪૧૩ની નીચી સપાટી ઉપર રહ્યો : નિફ્ટી પણ ૧૫૧ પોઇન્ટ ઘટી ૧૧૨૮૭ની નીચી સપાટી પર : મિડકેપ અને સ્મોલકેપમાં પણ ઘટાડો : આજે સીપીઆઈ ફુગાવાના આંકડા જારી કરાશે**



મુંબઈ,તા. ૧૧

શેરબજારમાં આજે સતત બીજા દિવસે અભૂતપૂર્વ કડાકો બોલી ગયો હતો. શેરબજાર ફરી એકવાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થતાં બેંચમાર્ક ઈન્ડેક્સ એક ટકાથી વધુ ગગડી ગયા હતા. ડોલર સામે રૂપિયો ૭૨.૭૨ની નીચી સપાટી સુધી પહોંચ્યો હતો. બીએસઈ સેંસેક્સ ૫૦૯ પોઈન્ટ ઘટીને ૩૭૪૧૩ની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. બ્રોડર નિફ્ટી ૧૫૧ પોન્ટ ઘટીને ૧૧૨૮૭ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. એફએમસીજી કંપનીઓ આશરે દબાણ હેઠળ રહ્યા હતા. નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સમાં વર્તમાન મહિનામાં આઠ ટકા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે. તેમાં છ સપ્તાહની નીચી સપાટી જોવા મળી રહી છે. આજે એફએમસીજીના અનેક શેરમાં ચાર ટકાથી વધુનો ઘટાડો થયો હતો જેમાં આઈટીસી, ગોદરેજ, કોલગેટ, મેરિકો, ફુડવકર્સનો સમાવેશ થાય છે. એશિયન શેરબજારમાં

● અનુસંધાન પાન-૭ પર

# પેટ્રોલ-ડીઝલમાં વધુ ભાવ વધારો ઝીંકાયો

**દિલ્હી-મુંબઈમાં પેટ્રોલની કિંમતમાં ૧૪ પૈસાનો વધારો કરાયો : છેલ્લા થોડાક દિવસથી પેટ્રોલિયમ પેદાશોમાં ભાવ વધારાને લઇને સરકાર અને વિરોધ પક્ષ આમને સામને : ભારત બંધના એક દિવસ બાદ વધુ વધારો**

નવી દિલ્હી, તા.૧૧

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં આજે સતત છઠ્ઠા દિવસે પણ વધારો ઝીંકવામાં આવ્યો હતો. ભારત બંધ રાખવામાં આવ્યાના એક દિવસ બાદ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ફરી એકવાર વધારો થયો હતો. ભાવ વધારો કરવામાં આવ્યા બાદ દિલ્હી અને મુંબઈમાં પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૧૪ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. જ્યારે દિલ્હીમાં ડીઝલની કિંમતમાં ૧૪ પૈસા અને મુંબઈમાં ૧૫ પૈસાનો વધારો થયો હતો. આજે દિલ્હીમાં પેટ્રોલની કિંમત વધીને ૮૦.૮૭ રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ હતી.જે ગઈકાલે સોમવારના દિવસે ૮૦.૭૩ હતી.. જ્યારે ડીઝલની કિંમત ગઈકાલે સોમવારના દિવસે ૭૨.૮૩ હતી જે વધીને ૭૨.૯૭ રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ હતી. મુંબઈમાં ડીઝલની કિંમત આજે વધીને ૭૭.૪૭ થઈ હતી જે ગઈકાલે ૭૭.૩૨ હતી. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં સતત વધારો થતા હાલત કફોડી બની રહી છે. સામાન્ય ચૂંટણી નજીક છે ત્યારે કિંમતોમાં વધારો મોદી સરકારની ગણતરી ઉંધી વાળી શકે છે. કારણ કે લોકો પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધતા ભાવના કારણે પરેશાન છે. આંતરરાષ્ટ્રીય પરિબળો આના માટે મુખ્યરીતે જવાબદાર છે પરંતુ ભાવમાં વધારાને કાબુમાં લેવા માટે સરકારને પગલા લેવાની જરૂર દેખાઈ રહી છે.

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં અવિરત વધારો કરવામાં આવી રહ્યો છે. કિંમતોમાં વધારો થવા માટે આંતરરાષ્ટ્રીય કારણો જવાબદાર છે. સાથે સાથે ડોલરની સરખામણીમાં રૂપિયામાં પણ ઘટાડો થઈ રહ્યો છે. પેટ્રોલિયમ કંપનીઓને વધારે નાણાં ખર્ચ કરીને ઓઈલ ખરીદવાની ફરજ પડી રહી છે. રૂપિયામાં ઘટાડાના પરિણામ સ્વરુપે તેલ કંપનીઓને ક્રૂડ માટે ડોલરમાં ચુકવણી કરવા માટે વધારે નાણા ખર્ચ કરવા પડી રહ્યા છે. ઈરાનની તેલ નિકાસ ઘટી છે જેના પરિણામ સ્વરુપે ઉછાળો આવી રહ્યો છે.

# ઘુસણખોરોને કાઢી મૂકાશે : અમિત શાહ



જયપુર, તા. ૧૧

બાંગ્લાદેશી ઘુસણખોરોના મુદ્દા પર ભાજપે ફરીએકવાર આક્રમક વલણ અપનાવ્યું છે. પાર્ટી કાર્યકરોના શક્તિ કેન્દ્રને સંબોધન કરતા તેમણે કહ્યું હતું કે, ભાજપનો સંકલ્પ છે કે, એકપણ બાંગ્લાદેશી ઘુસણખોરને દેશમાં રહેવા દેવામાં પક્ષો હોબાળો મચાવી રહ્યા છે પરંતુ ભાજપ સરકાર બાંગ્લાદેશી ઘુસણખોરોને બહાર કરવા માટે કટિબદ્ધ છે. શાહે કહ્યું હતું કે,

**એનઆરસીના ડ્રાફ્ટનો મુદ્દો પણ ઉઠાવ્યો : રાજસ્થાનમાં શક્તિકેન્દ્ર સંમેલનને સંબોધતા વિરોધ પક્ષો પર આકરા પ્રહારો કર્યા : રાજસ્થાનમાં પાર્ટીની જીત થશે**

પ્રમુખ અમિત શાહે આજે કહ્યું હતું કે, આવા ઘુસણખોરોને દેશની બહાર કરવામાં આવશે. કોઈને પણ છોડવામાં આવશે નહીં. પાર્ટી આવશે નહીં. આસામમાં રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટ્રાર (એનઆરસી) ડ્રાફ્ટનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, આને લઈને ઘણા રાજકીય વોટબેંકની ચિંતા કરનાર લોકો માનવ અધિકારની વાત કરે છે પરંતુ તેમને આ દેશના ગરીબ લોકોની ચિંતા નથી.

## ન્યુઝ ટ્રેક

**સજા ઓછી કરવા આસારામની રાવ**

બળાત્કાર મામલે જેલની સજા કાપી રહેલા આસારામે પોતાની આજીવન કારાવાસની સજા ઓછી કરવા રાજસ્થાનના રાજયપાલ સમક્ષ એક દયા અરજી દાખલ કરી છે. તેઓને ૨૫ એપ્રિલે સજા સંભળાવાઈ હતી.

**પ. બંગાળમાં પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટાડાયા**

આંધ્રપ્રદેશ અને રાજસ્થાન બાદ પશ્ચિમ બંગાળમાં પેટ્રોલ-ડીઝલની કિંમતો ઓછી કરવામાં આવી છે. મમતા બેનર્જીએ એક રૂપિયો પેટ્રોલ-ડીઝલનો ભાવ ઘટાડયો છે.

**નવાઝ શરીફના પત્નિનું નિધન**

પાકિસ્તાનના પૂર્વ પ્રધાનમંત્રી નવાઝ શરીફના પત્નિ કુલસુમ નવાઝનું લંડનમાં નિધન થયું છે. તેઓ ઘણા લાંબા સમયથી બિમાર હતા. હાલમાં પૂર્વપ્રધાનમંત્રી નવાઝ શરીફ અને તેમની દિકરી રાવલપીંડીની જેલમાં બંધ છે.

**આપને ચૂંટણી પંચની નોટીસ**

આમ આદમી પાર્ટીની મુશ્કેલીઓ ફરી એક વખત વધી ગઈ છે. ચૂંટણી પંચે આમ આદમી પાર્ટીને નોટિસ આપીને પુછયું છે કે તમારું ચૂંટણી ચિન્હ કેમ રદ કરવામાં ન આવે તેનો જવાબ પાઠવો. ફંડના મામલે પારદર્શકતા ન જાળવતા ચૂંટણી પંચે આ નોટીસ પાઠવી છે.

# બેંકિંગ વ્યવસ્થા કોંગ્રેસ દ્વારા અસ્તવ્યસ્ત કરાઈ છે : સ્મૃતિ

**બેંકોના એનપીએ મુદ્દે રાહુલ-કોંગ્રેસ પર પ્રહાર : સૌથી વધારે બેડલોન ૨૦૦૬-૨૦૦૮ વચ્ચે અપાઈ હતી તેવા રાજનના નિવેદનથી ભાજપને નવા હથિયારો મળ્યા**

નવી દિલ્હી, તા. ૧૧

ભાજપે નેશનલ હેરાલ્ડ કેસ અને આરબીઆઈના પૂર્વ ગવર્નર રઘુરામ રાજનના નિવેદનને લઈને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી ઉપર આકરા પ્રહારો કર્યા છે. આજે બંને મામલાઓનો ઉલ્લેખ કરતા ભાજપે કહ્યું હતું કે, આનાથી કોંગ્રેસના ભ્રષ્ટાચાર અંગે સ્પષ્ટપણે જાણકારી મળી જાય છે. કેન્દ્રીયમંત્રી સ્મૃતિ ઈરાનીએ પત્રકાર પરિષદને સંબોધતા કહ્યું હતું કે, રાજને મૂલ્યાંકન કમિટિને સાફ શબ્દોમાં કહ્યું છે કે, સૌથી વધારે બેડ લોન ૨૦૦૬-૨૦૦૮ વચ્ચે આપવામાં આવી હતી. રઘુરામ રાજને બેંકોના વધુ એનપીએને લઈને બેંકર્સ અને આર્થિક મંદીની સાથે નિર્ણય લેવામાં યુપીએ અને એનડીએની ઉદાસીનતાને પણ જવાબદાર ઠેરવી હતી. રઘુરામ રાજને સંસદીય સમિતિને આપવામાં આવેલા જવાબમાં કહ્યું છે કે, સૌથી વધારે બેડલોન વર્ષ ૨૦૦૬-૨૦૦૮ વચ્ચે આપવામાં આવી હતી. સ્મૃતિએ કહ્યું હતું કે, આનાથી સાબિત થાય છે કે, બેંકોના એનપીએ માટે કોંગ્રેસ પાર્ટી જવાબદાર છે. રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, પ્રિયંકા વાઢેરા કરદાતાઓના પૈસાને બરબાદ કરવા માટે ઈચ્છુક હતા. યુપીએ સરકારના ગાળામાં ભારતીય બેંકિંગ વ્યવસ્થા પર મોટા પ્રહાર થયા હતા. રાજને એસટીનેટ કમિટિના ચેરમેન મુરલી મનોહર જોશીને મોકલવામાં આવેલા અહેવાલમાં કહ્યું છે કે, સૌથી વધારે બેડલોન ૨૦૦૬-૨૦૦૮ વચ્ચે આપવામાં આવી હતી તે વખતે આર્થિક સ્થિતિ મજબૂત હતી. પાવર પ્લાન્ટ જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ સમય પર બજેટની અંદર પૂર્ણ થઈ રહ્યા હતા.

# દુરદર્શનના લાઈવ કાર્યક્રમ દરમિયાન લેખિકા રિતા જીતેન્દ્રનું નિધન

શ્રીનગર,તા.૧૧

પ્રખ્યાત લેખિકા રિતા જીતેન્દ્રનું દુરદર્શન પર એક લાઈવ શોમાં વાતચીત દરમિયાન તેમનું નિધન થયું. લાઈવ શોમાં તેઓ પોતાની જીવન યાત્રા વિશે વાતો કરી રહ્યાં હતાં અને અચાનકથી તેઓ બેભાન થઈ ગયા. સોમવારે સવારે દુરદર્શનની 'કાશ્મીર ચેનલ' પર પ્રખ્યાત શિક્ષણવિદ રિતા જીતેન્દ્ર લાઈવ શોમાં પોતાનાં જીવનનાં કિસ્સાઓ સંભળાવી રહ્યાં હતા તે સમયે જ આ તેમનાં પ્રાણ પંખેરુ ઉડી ગયા.

રિતા જીતેન્દ્ર એક પ્રસિદ્ધ કલાકાર, પ્રખ્યાત લેખક અને સામાજિક કાર્યકર્તા છે. રિતા જીતેન્દ્ર જમ્મુના રહેવાસી હતા અને સોમવારે તેઓ 'ગૂડ મોર્નિંગ કાશ્મીર' શોમાં મહેમાન બન્યા હતાં. એક લેખિકા તરીકે પોતાના જીવન યાત્રા વિશે વાત કરતા કરતા તેમનો અવાજ એકદમથી ફરી ગયો અને અચાનકથી તેમને શ્વાસ ચઢી ગયો હોય તેમ તેઓ ઝડપથી શ્વાસ લેવા લાગ્યા અને ત્યારબાદ થોડી જ વારમાં તેઓ ખુરશીમાં જ બેભાન થઈ ગયાં. આ જોઈને ત્યાં હાજર દરેક વ્યક્તિ સ્તબ્ધ રહી ગઈ હતી.

# દેશની સૌથી વૃદ્ધ સિંહણ જમુનાનું ૨૬ વર્ષે નિધન

ભોપાલ,તા.૧૧

દેશની સૌથી વૃદ્ધ સિંહણ ૨૬ વર્ષીય જમુનાનું મલ્ટી ઓર્ગન ફેલ્યરના કારણે મૃત્યુ થયું છે. વન વિહાર નેશનલ પાર્કમાં સિંહણ જમુનાનું રવિવારે સવારે ૬ વાગ્યે મૃત્યુ થયું હતું. જમુના ૧૭ વર્ષની ઉંમરે વન વિહાર નેશનલ પાર્કમાં લાવવામાં આવી હતી. તેને વર્ષ ૨૦૧૦માં છત્તીસગઢના બિલાસપુરથી વન વિહાર નેશનલ પાર્ક લાવવામાં આવી હતી.

વન વિહાર નેશનલ પાર્કના ડાયરેક્ટર સમીતા રાજૌરાએ જણાવ્યું કે, રવિવારે સવારે ૬ વાગે જયારે સિંહણની સંભાળ કરતી ટીમ તેના કોટ પાસે પહોંચી ત્યારે તેના શરીરમાં કોઈ હલચલ જોવા મળી ન હતી. ત્યારબાદ વન્યપ્રાણી ડૉક્ટર ડૉ.અતુલ ગુપ્તાને બોલાવવામાં આવ્યા હતા. ડૉક્ટરની તપાસ બાદ જમુનાને મૃત જાહેર કરવામાં આવી હતી. વન વિહારના ડૉ.અતુલ ગુપ્તા અને ડૉ.અમોલ નરવાડેની ટીમ દ્વારા પોસ્ટ મોર્ટમ કરાયું હતું. પ્રાથમિક રિપોર્ટમાં મોતનું કારણ મલ્ટી ઓર્ગન ફેલ્યર જણાવવામાં આવ્યું છે.

# નાગાલેન્ડ પુરથી બે જિલ્લા હજુ સંપૂર્ણપણે સંપર્ક વિહોણા



**બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે જારી : ફેક અને કિફિરે જિલ્લામાં હાલત હજુ પણ ચિંતાજનક છે**

કોહિમા, તા. ૧૧

નાગાલેન્ડમાં ભીષણ પુરથી સૌથી વધારે પ્રભાવિત બે જિલ્લાઓમાં હાલત કફોડી બનેલી છે. ફેક અને કિફિરે જિલ્લામાં ભેખડો ધસી પડવાના કારણે હાલત કફોડી બનેલી છે. આ જિલ્લાઓમાં ફસાયેલા લોકો સુધી પહોંચવામાં જિલ્લા વહીવટીતંત્રને સફળતા મળી રહી નથી. ફેક જિલ્લા વહીવટીતંત્રનું કહેવું છે કે, તેને આધારભૂત માળખાને થયેલા નુકસાનને પહોંચી વળવા માટે ૪૧૬.૦૬ લાખ રૂપિયા અને કૃષિ માટે પણ આટલા જ રૂપિયાની જરૂર છે. બંને જિલ્લાના વહીવટીતંત્રએ નુકસાન અંગેનો અહેવાલ કેન્દ્રીય ટીમની સમક્ષ રજૂ કરી દીધો છે.

# તેલંગાણામાં બસ ખીણમાં ખાબકી

હેદરાબાદ, તા.૧૧

તેલંગાણાના જગતિયાલ જિલ્લામાં કોંડાગટ્ટુ નજીક એક ઉંડી ખીણમાં તેલંગાણા રાજ્ય માર્ગ પરિવહન નિગમની બસ ગબડી પડતા ઓછામાં ઓછા બાવન શ્રદ્ધાળુઓના મોત થયા છે અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ઘાયલ થયા છે. ઘાયલ થયેલા શ્રદ્ધાળુઓ પૈકી પણ કેટલાકની હાલત ગંભીર છે. જેથી મોતનો આંકડો વધી શકે છે. બીજી બાજુ બચાવ અને રાહત કામગીરી હાલમાં ચાલી રહી છે જેથી વાસ્તવિક આંકડા અંગે વાત કરવી ખુબ જ મુશ્કેલ છે. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ ટુકડીએ માહિતી આપતા કહ્યું છે કે, પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે બસની બ્રેક ફેઈલ થવાના કારણે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. મળેલા અહેવાલ મુજબ તેલંગાણા રાજ્ય માર્ગ પરિવહન નિગમની બસ ખીણમાં ખાબકી ત્યારે આ બસમાં ૮૭ લોકો મુસાફરી કરી રહ્યા હતા. ઘટનાસ્થળે પહોંચેલા જગતિયાલના કલેક્ટર દ્વારા પણ બચાવ અને રાહત કામગીરી ઉપર નજર રાખવામાં આવી હતી. નાણામંત્રી એતેલા રાજેન્દ્રએ આ અંગેની

● અનુસંધાન પાન-૭ પર







